તા. ૨૯.૦૫.૨૦૨૫
દિવ્ય ભાસ્કર અમદાવાદ ફ્રન્ટ પેજ. ૦૨

### શાહપુર પાસેથી વાયરની ચોરી થયા બાદ નિર્ણય

# હવે મેટ્રોના ઓછી હાઈટવાળા વાયડક્ટ પર CCTV લગાવાશે

## ડિસેમ્બરમાં મહાત્મા મંદિર સુધી મેટ્રો દોડતી થશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

થોડા દિવસો પહેલાં શાહપુર મેટ્રો સ્ટેશન નજીકથી મેટ્રોના 500 મીટર વીજ કેબલની ચોરી થઈ હતી. જેને કારણે 7 કલાક સુધી મેટ્રોનું સંચાલન ખોરવાઈ ગયું હતું. હવે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશને ઓછી હાઈટવાળા વાયડક્ટ પર તેમજ સ્ટેશનની બન્ને બાજુએ સીસીટીવી કેમેરા લગાવવાનો નિર્ણય કર્યો છે. તેમજ જરૂર જણાશે ત્યાં સુરક્ષા ગાર્ડ પણ તહેનાત કરવામાં આવશે.

મેટ્રોના અધિકારીના જણાવ્યા મુજબ હાલ ગાંધીનગરમાં ફેઝ-2માં સચિવાલય સુધી સંચાલન શરૂ કરી દેવાયું છે. સચિવાલયથી આગળ મહાત્મા મંદિર સુધી મેટ્રોની કામગીરી ચાલુ છે, જે દિવાળી સુધીમાં પૂરી થવાની શક્યતા છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ સચિવાલયથી મહાત્મા મંદિર સુધી ટ્રાયલ રન કર્યા બાદ ડિસેમ્બરના અંત સુધીમાં મેટ્રો દોડતી થઈ જશે.

### મેટ્રોમાં રોજ સરેરાશ 1.25 લાખ લોકો મુસાફરી કરે છે

શહેરમાં ઓક્ટોબર, 2022માં શરૂ થયેલી મેટ્રો ટ્રેનમાં શરૂઆતમાં રોજના સરેરાશ 57,600 પેસેન્જર મુસાફરી કરતા હતા. તેની સામે અત્યારે રોજ સરેરાશ 1.25 લાખથી વધુ પેસેન્જરો મુસાફરી કરી રહ્યા છે. 27 મે 2025માં મેટ્રોમાં 33.66 લાખથી વધુ લોકોએ મુસાફરી કરી છે. એપ્રિલ, 2023માં રોજ સરેરાશ 62 હજાર પેસેન્જર સામે એપ્રિલ, 2024માં રોજ સરેરાશ 95 હજાર પેસેન્જર નોંધાયા હતા. એપ્રિલ, 2025માં રોજ 1.24 લાખ જેટલા લોકોએ મુસાફરી કરી હતી. મે, 2023માં રોજ 76,710 પેસેન્જર, મે, 2024માં 100741 પેસેન્જર જ્યારે 27 મે, 2025 સુધી રોજના 1,24,666 નોંધાયા હતા. મેટ્રોનો રૂટ વધવાની સાથે પેસેન્જરની પણ સંખ્યા વધી રહી છે.